
ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૪-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### જે પોષતું તે મારતું શું એ નથી ક્રમ કુદરતી?

છેલ્લા કેટલાક દિવસોથી આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને એમના રોડ-શો દરમિયાન ખૂબ કડવા અનુભવો થઈ રહ્યા છે. વારાણસીમાં એમના પર શાહી ફેકવામાં આવી હતી તો વળી એમના કાર્યક્ષેત્ર દિલ્હી ખાતે કોઈ વખત મુક્કો ખાવો પડ્યો છે અને કોઈવાર થપ્પડ. એક નેતા માટે, દિલ્હીમાં ભલે થોડા સમય પૂરતા પણ મુખ્યમંત્રી રહી ચૂકેલા રાજકારણી માટે આવી અપમાનજનક સ્થિતિ અસહ્ય જ લેખાય. કેજરીવાલે એ પછી વ્યથિત થઈ રાજઘાટ ખાતે ગાંધીજીની સમાધિ સમક્ષ મૌન પાળ્યું હતું અને વળતે દિવસે સામે ચાલીને થપ્પડ મારનાર રિક્ષાચાલક બાલીના ઘરે જઈ એની ખબર પૂછતાં આખો માહોલ બદલાઈ ગયો હતો. ભાજપને આ અરવિંદની નૌટંકી ભલે લાગતી હોય પણ વસ્તુતઃ અરવિંદ કેજરીવાલ ભારતીય રાજકારણની એક વિશિષ્ટ ઘટના છે. ફક્ત છ મહિના અગાઉ સ્થપાયેલી સામાન્ય માણસોની પાર્ટી દેશની રાજધાનીમાં વિક્રમ જનક દેખાવ કરી સત્તાની ખુરશી સુધી પહોંચી જાય એ ઘટના વિરલ જ ગણાય. જો કે કેજરીવાલ સત્તાભૂખ્યા માનવી છે, એવું હવે તો એક વખતના એમના ગુરુ અણ્ણા હજારે પણ જાહેરમાં બોલતા થયા છે, છતાં અન્ય રાજકારણીઓની સરખામણીમાં એ ઈમાનદાર નિખાલસ અને નિર્દોષ છે. એ જરા વધુ પડતા ઉતાવળિયા અને સાહસિક છે એનો પરચો પણ એ પોતે જ આપતા રહ્યા છે. એકલું દિલ્હી રાજ્ય કે એમના વતનનું રાજ્ય હરિયાણા અને દિલ્હી નજીકનો નેશનલ કેપિટલ રિજિયન- ‘એનસીઆર’ સાચવીને બેસી રહ્યા હોત તો કદાચ એમની અને એમની પાર્ટીની આવી દુર્દશા ન જ થઈ હોત. અરવિંદને એવા સલાહકારો મળ્યા કે એમને રાતોરાત રાષ્ટ્રીય સ્તરે છવાઈ જવાની ચળ ઊપડી. અતિમહત્વાકાંક્ષા ક્યારેક માણસની પ્રગતિને અવરોધનારી બની રહેતી હોય છે, સિવાય કે નરેન્દ્ર મોદીની જેમ એનું પદ્ધતિસરનું આગોતરું આયોજન ગોઠવી રાખ્યું હોય, રાષ્ટ્ર વ્યાપી નેટવર્ક ઊભું કરી શકાયું હોય. કેજરીવાલ નરેન્દ્ર મોદીની સરખામણીમાં વધારે ઈમાનદાર અને સજ્જ વ્યક્તિ હોઈ શકે, એમની દાનત વિશે શંકા કરવાનો તો પ્રશ્ન જ ન હોય, પરંતુ એમની રાષ્ટ્રવ્યાપી નેટવર્ક ક્યાં છે? જે કંઈ છે તે અણ્ણાના નેતૃત્વ હેઠળ ઊભી થયેલી જનલોકપાલ ચળવળનો ઊભરો છે, જે કાળક્રમે શમી રહ્યો છે. ખુદ અણ્ણા કેજરીવાલની વિરુદ્ધ થઈ ગયા છે. રાજકારણ ખેલવા માટે આંદોલનની નહીં, બૂથલેવલ સુધી જામેલી પાર્ટીની જરૂર પડતી હોય છે. કેજરીવાલે ભ્રષ્ટાચાર વિરોધી ઝુંબેશ ચલાવી તે આવકારદાયક બાબત હતી, પરંતુ મુખ્ય રાજકીય પક્ષોના તમામ નેતાઓએ એમના અંગત હેતુઓ સિદ્ધ કરવા માટે આદર્શો અને મૂલ્યોને તો પોથીમાંનાં રીંગણાંની જેમ અળગા કરી દીધા છે. કેજરીવાલ જયારે તમામ જાણીતા નેતાઓને ભ્રષ્ટાચારી કહે છે ત્યારે એ બધાથી પોતે વધુ સારા અને ચોખ્ખા છે, એવો સંદેશ આપવા પ્રયાસ કરે છે. રાજકારણ તો શકયતાઓનું ગણિત માંડીને ચાલે છે, એમાં આદર્શ નહીં, વ્યવહાર અને ‘વહેવાર’ ચાલે છે. મજૂરથી લઈ મિલમાલિક અને ઉદ્યોગપતિ સુધીના લોકો અંગત હિતોની રૂએ કોઈ ને કોઈ પાર્ટી કે નેતા સાથે સંકળાયેલા છે. સાંપ્રદાયિક રમખાણો કરાવીને ચૂંટણી જીતી શકાતી હોય છે. કેજરીવાલે ‘આમ આદમી’ના હિતમાં ‘આમદ આદમી’ પાસેથી ફાળો ઉઘરાવી પાર્ટી ચાલુ કરી હતી. એમને વિદેશી ફંડ તો એટલા સારુ મળતું હોય કે વિદેશી શક્તિઓને ભારત જેવા દેશનો બજાર તરીકે ઉપયોગ કરવો ગમે છે. પેલા આમ આદમીની પાસેથી ફાળો લીધા પછી એને આપેલાં વચન પૂરાં કરવા માટે કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રીપદે જરા વધુ લાંબો વખત સુધી ટકી રહેવાની જરૂર હતી. એમણે વ્યૂહાત્મક ગણતરીઓ માંડીને અકાળે અને ઉતાવળે મોટી ફાળ ભરી એથી એ જ આમ આદમીની નજરમાંથી ઊતરી જવાનો વારો આવ્યો છે. અલબત્ત, થપ્પડો ખાધા પછી પણ મારનારને માફ કરી દેવાની અપીલ એમના પ્રત્યે સહાનુભૂતિનું મોજું જરૂર સરજી શકે. પરંતુ રીઢા રાજકારણીઓ સામે કેજરીવાલ ઝાઝું ટકી શકે એવી શક્યતા ઘણી ઓછી છે.



## રામનવમી શ્રી હરિનવમી સ્વામિનારાયણ ભગવાનનો ૨૩૪મો પ્રાગટય દિન

સેકટર-૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારમાં ભગવાન સહુનું શ્રેય કરે એ ભાવનાથી વિશાળ પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૪૦૦ જેટલા ભાઈઓ-બહેનો-બાળકોએ ભાગ લીધો હતો તેમજ સાંજે મંદિરમાં નાના બાળકો દ્વારા રૂપક સંવાદ વગેરે પ્રેરણાદાયી કાર્યક્રમો યોજયા હતા અને રાત્રે ૧૦.૧૦ મિનિટે પૂજય શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ ભગવાનના પ્રાગટયનું આરતી પૂજન કર્યું. હજારો ભકતોએ ‘ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી’ના નારા સાથે સ્વામિનારાયણ ભગવાનનો જન્મોત્સવ ઉજવ્યો હતો.

# પરીક્ષા કેન્દ્રોમાં સીસીટીવી યોજના હાલ પુરતી ખોરંભે

### સીસીટીવી વગરનાં પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને ચોરી કરવા મોકળુ મેદાન : ગેરરીતિને રોકવાને લઈ ઉદાસીનતા

અમદાવાદ, તા.૦૯

યુનિવર્સિટી દ્વારા પરીક્ષામાં ચાલતી ગેરરીતીઓને રોકવા માટે સ્વિર્ભર કોલેજોમાં સીસીટવી કેમેરા ફરજીયાત લગાવવા આદેશ કર્યો હતો. પરંતુ યુનિવર્સિટીના આદેશ છતાં આજ સુધી મોટાભાગની કોલેજોમાં આ પ્રકારના સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા નથી, જેના કારણે આવતીકાલથી શરૂ થઈ રહેલ ગુજરાત યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની પરીક્ષા સીસીટીવી કેમેરા વગર જ લેવી પડે તેવી સ્થિતિ સર્જાવા પામી છે. તેથી બીએડ સેમેસ્ટર-૨ તેમજ બીએ, બીકોમ, બીસસી, બીબીએ, બીસીએ સેમેસ્ટર-૬ની પરીક્ષા આપી રહેલ વિદ્યાર્થીઓની પરીક્ષા સીસીટીવી વગરના પરીક્ષા કેન્દ્રોમાં લેવામાં આવનાર હોવાથી પરીક્ષા ચોરી કરનાર તત્વોને મોકળુ મેદાન મળી રહેશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીની સેમેસ્ટર સિસ્ટમ મુજબ વિવિધ વિદ્યાશાખાઓની સેમેસ્ટર પરીક્ષા આવતીકાલથી શરૂ થઈ શકે રહી છે. જેમાં બીએડ સેમેસ્ટર-૨ તેમજ બીએ, બીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ પરીક્ષામાં ખાનગી કોલેજોનાં પરીક્ષા કેન્દ્રો પર ફરજીયાત પણે સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરંતુ યુનિવર્સિટીના આદેશ છતાં મોટાભાગની ખાનગી કોલેજોએ સીસીટીવી કેમેરા લગાવ્યા નથી. તો બીજી બાજુ યુનિવર્સિટી દ્વારા ગ્રાન્ટેડ અને સરકારી કોલેજોના પરીક્ષા કેન્દ્રોમાં સીસીટીવી કેમેરા લગાડવામાંથી મુક્તિ આપવામાં આવી હતી. આ પ્રકારના કેમેરા લગાડવા માટે ખર્ચની મંજુરી આ કોલેજોએ શિક્ષણ વિભાગમાંથી લેવાની હોય છે. જેના કારણે આવતીકાલથી શરૂ થઈ રહેલ ગુજરાત યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની પરીક્ષા સીસીટીવી કેમેરા વગર જ લેવી પડે તેવી સ્થિતી સર્જવા પામી છે. ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટીના નીતિ-નિયમોને સ્વરનિર્ભર કોલેજના સંચાલકો ગાંઠતા નથી. વળી કેટલીક કોલેજના સંચાલકો પોતે જ સિન્ડીકેટ સભ્યો અથવા તો સિન્ડીકેટ સભ્યો સાથે ગઠબંધન ધરાવતા હોવાથી આ પ્રકારની કોલેજો સામે કોઈ પ્રકારના શિક્ષાત્મક પગલાં ક્યારે લેવામાં આવતા નથી. આ સંજોગોમાં સીસીટીવી કેમેરા વગરની પરીક્ષામાં જે સંવેદનશીલ કેન્દ્રોમાં તો ફારસરૂપ બની રહેશે.

## હરિની દૃષ્ટિ...




*જંગલમાં ચૂંટણી નક્કી થઇ છે અને... બધા સિંહોઓએ ઉમેદવારી નોંધાવી દીધી છે. તારે મત આપવા નથી આવવું ??*

# વિવિધ વિદ્યાશાખાઓમાં આજથી પરીક્ષા શરૂ થશે

ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા સેમેસ્ટર સિસ્ટમ મુજબ વિવિધ વિદ્યાશાખાઓની સેમેસ્ટર પરીક્ષા સેવામાં આવનાર છે. જેનો પ્રારંભ આગામી આવતીકાલથી થઈ રહ્યો છે. જે અંતર્ગત આવતીકાલથી ૨૩ એપ્રિલ દરમ્યાન બીએડ સેમેસ્ટર-૨ તેમજ બીએ, કીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ સેમેસ્ટર-૬ની પરીક્ષા લેવામાં આવશે. રાજ્યમાં પરીક્ષાનો માહોલ જામ્યો છે ત્યારે ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગે પણ યુનિવર્સિટી સાથે સંકળાયેલ સાયન્સ, કોમર્સ, આર્ટસ લો એજક્યુકેશન સહિતની વિવિધ વિદ્યાશાખાની ૩૫૦થી વધુ કોલેજોના ચાર લાખ જેટલા વિદ્યાર્થીઓ માટે પાંચ તબક્કામાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

જે મુજબ આવતીકાલથી બીએડ સેમેસ્ટર-૨ની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. બીએ, બીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ, બીએસસી, વિદ્યાશાખાની સેમેસ્ટર-૬ની પરીક્ષાનો પ્રારંભ ૧૨મી એપ્રિલથી થશે. આ પરીક્ષા ૨૩મી એપ્રિલ સુધી ચાલશે. પરીક્ષાના આયોજન માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મળીને કુલ ૧૦૦ જેટલા પરીક્ષા કેન્દ્રોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા સારા માહોલમાં લેવાય તે મટે સઘન વ્યવસ્થા બંદોબસ્ત ગોઠવવાનું નક્કી કરાયું છે.

## ડૉ. સેમ્યુઅલ ફ્રેડ્રિક ગોડફ્રિડ હનેમનનો આજે જન્મદિન

ગાંધીનગર, તા. ૯

દુનિયાભરમાં વૈકલ્પિક સારવાર પદ્ધતિઓમાં હોમિયોપેથિક ચિકિત્સાએ ખૂબ જ નામના મેળવી છે. સવા બસો વર્ષ અગાઉ હોમિયોપેથિક ચિકિત્સા પદ્ધતિની શોધ જર્મની દેશમાં થઈ હતી. આ ચિકિત્સા પદ્ધતિની શોધ શ્રી ડૉ. સેમ્યુઅલ ફ્રેડ્રિક ગોડફ્રિડ હનેમને કરી હતી. ડૉ. સેમ્યુઅલ ફ્રેડ્રિક ગોડફ્રિડ હનેમનનો જન્મ તા. ૧૦ એપ્રિલ, ૧૭૫૫માં થયો હતો. આજે સમગ્ર ભારતભરમાં આ ચિકિત્સા પદ્ધતિ ખૂબ -ચલિત છે. તેનો ઉપયોગ મુખ્યત્વે ચામડીના રોગો, વા, એલર્જી, બાળકોના રોગો જે આપણને વારંવાર પજવ્યા કરે છે, તેવા શરદી, આધાશીશી, જુનો મરડો જેવા તેમજ અનેક -કારના તાવ, માનસિક તણાવ વગેરેમાં સચોટ સારવાર પદ્ધતિ માટે થાય છે.

ગાંધીનગર જિલ્લામાં હોમિયોપેથિક સારવાર સરકારી હોમિયો ઓપીડી સિવીલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે કરવામાં આવે છે.

# ઉત્તરવહીઓ મળવાના કેસમાં ધીમી તપાસ : વિદ્યાર્થી ચિંતિત

અમદાવાદ, તા.૦૯

ધોરણ-૧૨ કોમર્સ સંસ્કૃત વિષયની રસ્તે રઝળતી મળેલી ૩૯ ઉત્તરવહીઓની તપાસમાં શિક્ષણ બોર્ડનું વલણ નિરસ જણાઈ રહ્યો છે. બોર્ડ સત્તાધીશોએ કલાર્કનું નિવેદન લઈ સંતોષ માની લીધો છે પરંતુ ઘટનાના સાત દિવસ બાદ પણ ઉત્તરવહી મળી તે પોલીસ કર્મચારીઓએ કે રાહદારીના નિવેદન લેવાની તસ્દી સુદ્ધા લીધી નથી. બીજી બાજુ બોર્ડના નિવેદન મુજબ મીની બસમાંથી ઉત્તરવહીનું બંડલ પડી ગયું હોય તો અડધો કિલોમીટર સુધી રસ્તા પર વેરણ છેરણ કેવી રીતે પડી હતી તે યક્ષપ્રશ્ન ઉભો થયો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગત ૨૭મી માર્ચે લેવાયેલી ધોરણ-૧૨ કોમર્સની સંસ્કૃત વિષયની પરીક્ષાની મુલ્યાંકન માટે જઈ રહેલી ઉત્તરવહીઓ પૈકી ૩૯ ઉત્તરવહી બીજી એપ્રિલે વડોદરા-હાલોલ બાયપાસ રોડ પર જરોદ પાસે પડી ગઈ હતી. ખાનગી કારમાં પેટ્રોલીંગમાં જઈ રહેલા પોલીસ સ્ટાફને રસ્તે રઝડતી મળી આવી હતી. વાઘોડિયા પોલીસે સીઆરપીસીની કલમ-૧૦૨ મુજબ ઉત્તરવહી કબજે લેતા શિક્ષણાધિકારી નવનીત મહેતા અને પરીક્ષા સચિવ જે.ડી. પટેલે તેનો કોર્ટમાંથી કબજો મેળવ્યો હતો ત્યારે આ સમગ્ર પ્રકરણની તપાસમાં બોર્ડ સત્તાધીશોએ ઉત્તરવહીઓ લઈ જતા કલાર્કનું નિવેદન લઈ ઘીના ઠામમાં ઘી પડવાનો પ્રયાસ કર્યો છે.

મહત્વની વાત એ છે કે જિલ્લા પોલીસના જે પોલીસ કર્મચારીઓને ઉત્તરવહીઓ રસ્તે રઝડતી મળી તેમજ રાહદારી એવા હાંસાપુરા ગામના ડેપ્યુટી સરપંચ અશોકસિંહ ચૌહાણની પૂછપરછ પણ કરાઈ નથી. કલાર્કના મતે ઉબડ ખાબડ રસ્તા પર બસની બારીનો કાચ ખુલી જતાં ઉત્તરવહી પડી ગઈ હશે તેવો જવાબ આપ્યો હતો પરંતુ ઉત્તરવહીનું બંડલ પડી ગયું હોય તો અડધો કિલોમીટર સુધીના રસ્તા પર ઉત્તરવહીઓ વેરણ છેરણ કેવી રીતે મળી તેમજ ચાલકને પણ સાઈડ ગ્લાસમાં ન દેખાયું તેવો ગણગણાટ વાલીઓમાં થઈ રહ્યો છે. તપાસ અંગે સચિવ જે.ડી. પટેલે જણાવ્યું હતું કે અમારી તપાસ ચાલી જ રહી છે. કોની નિષ્કાળજી છે તે હાલના તબક્કે કહી શકાય નહીં. સંબંધીતોની પૂછતાછ કરી અહેવાલ સુપરત કરાશે. બારીના કાચ ખુલી જતા ઉત્તરવહી પડી ગઈ હોવની શક્યતા છે પરંતુ તપાસ પુરી થયા બાદ કારણ ખબર પડશે.

# જે ઘરમાં સામાજિક વાતાવરણ પ્રદુષિત હોય ત્યાં દામ્પત્યજીવનની તંદુરસ્તી જોખમાય છે...

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

**આશ્ચર્યએ વાતનું છે કે લગ્ન પહેલાં જે બે વ્યક્તિઓ વચ્ચે ઘેલછા, પાગલપન, આકર્ષણ અને એકબીજા માટે જાન ન્યોછાવર કરવાની તૈયારી હોય છે. મોબાઈલ પર એકબીજા સાથે કલાકોના કલાકો વાતો કરતાંય સમય ઓછો પડે છે. એક બીજાને પામવા સગાસંબંધીઓ કે સમાજ સામે બગાવત કરવા તૈયાર થઈ જતા બે યુવાન હૈયાઓ વચ્ચે એવું તો શું થઈ જાય છે કે લગ્ન પછી બે ચાર મહિનામાં એક બીજા પ્રત્યે દ્વેષ, તિરસ્કાર અને બતાવી દેવાની હદે જાય છે. અત્યંત સભ્ય દંપતિ પણ એકબીજા પર ગંદા આરોપો લગાવે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે આ વળી કેવા પ્રકારનો પ્રેમ? આપણા વડીલો કહેતા કે, ‘વર’ માંથી ‘ઘર’ થાય પણ ‘ઘર’ માંથી ‘વર’ ન થાય. આપણે મોટા ઘરોમાં વર શોધવા પ્રયત્ન કરીએ છીએ એટલે જ કદાચ ભૂલા પડીએ છીએ. વર માંથી ઘર થવું એટલે મુરતિયો એવો શોધવો કે સ્વબળે કમાણી કરવાની ક્ષમતા ધરાવતો હોય. શૂન્યમાંથી સર્જન કરવાની આવડત હોય.. ઘરમાંથી વર શોધવાનો પ્રયત્ન એટલે બાપની મિલકત પર તાગડધિન્ના કરતો મુરતિયો... આવા મુરતિયા કયારેક માથે પડતા હોય છે. કેટલાક પરિવારોમાં દામ્પત્યજીવનની એક આગવી મહેંક હોય છે. એકબીજા પ્રત્યે લાગણી અને સંવેદના જાળવી રાખનારા, એકબીજાનો આદર કરનારા હોય છે તો કયાંક વળી એકબીજા પ્રત્યે નફરત, તિરસ્કાર ધરાવતા હોય, ફકત સામાજિક દૃષ્ટિએ પતિ-પત્નિ ગણાતા હોય. પતિરાજ કયારેક પત્નિ પર હાથ પણ ઉઠાવતા હોય અને છતાં આ બધી જ વેદના ઘરની ચાર દિવાલોમાં જ સમાઈ જતી હોય અને ઘર નભે જતા હોય. એમાં મોટેભાગે સહન કરવાનું સ્ત્રીને ભાગે જ આવતું હોય છે. આમાં લાચારી છે કે મજબૂરી, સંસ્કાર છે કે સમજદારી તે ચર્ચાનો વિષય હોઈ શખે પણ ઘણા પરિવારો આ રીતે નભતા જોયા છે. તો કેટલાક વળી નજીવી બાબતોમાં રજનું ગજ કરી, જીદ પર આવી પોતાનો કકકો ખરો કરાવવા લગ્નવિચ્છેદ સુધી પણ પહોંચી જતા હોય છે. ક્ષણનો આવેગ કાયમી દુશ્મનાવટમાં પરિણમે છે.**

એક સ્ત્રીનો પતિ શરાબી હતો. સવારે બ્રશ કરીને કોગળા પણ શરાબના કરે એટલો બધો વ્યસની. ડ્રીંકસ લીધા પછી પત્નિને કોઈવાર મારઝુડ પણ કરી નાંખે. યુવતિના પિતાએ સલાહ આપી કે આવા શરાબી સાથે જીવન વિતાવવા કરતાં તેને પડતો મૂકી મારા ઘરે આવી શાંતિથી રહે. પણ દીકરીએ જવાબ આપ્યો. પપ્પા મારા ભાગ્યને કોઈ પલટી શકવાનું નથી એટલે એક ભવમાં બીજો ભવ કરીને શું મેળવવાનું? પતિનો નશો ઉતરી જાય એટલે બંને સાથી બેસીને પ્રેમાલાપ કરે, જાણે કંઈ બન્યું જ નથી. તે યુવતિ શિક્ષિત હતી પોતે પગભર થઈ શકે તેમ હતી પણ પતિનો શંકાશીલ સ્વભાવ હોવાથી તે નોકરીનું વિચારતી પણ નહીં. આ સંબંધ તેને માટે કેટલો નુકસાન કારક છે તે જાણવા છતાં સંબંધોની લાશ ઉઠાવીને તે ફરતી હતી. દુઃખ વેઠીને પણ સંસાર નભાવતી યુવતીને સંસ્કારી ગણવી કે કાયર? વર્તમાન સમયમાં આ પ્રકારનું એડસ્ટમેન્ટ કરનારી સ્ત્રીઓ કેટલી? એડજસ્ટમેન્ટ એક તરફી હોઈ શકે? આ રીતે જીવન નભી જાય પણ આવા નિષ્પ્રાણ સંબંધોનો મતલબ શો?

આવો જ બીજો પ્રસંગ જેમાં દીકરી પોસ્ટ ગ્રેજયુએટલ હતી તેના માટે મુરતીયો શોધવામાં મા-બાપે ફકત સંપત્તિ જોઈ, મિલકત જોઈ પણ મુરતિયાની ક્ષમતાને વિચાર ન કર્યો પરિણામ એ આવ્યું કે સંપત્તિથી સભર એ પરીવારમાં સંસ્કારના નામે મીંડુ હતું. મુરતીયોડીગ્રી વગરનો હતો. જે હતુ તે બનાવટ હતી. પિતાની મિલકત સાચવવાની કોઈ ક્ષમતા તેનામાં નહતી. યુવતીને લાગ્યું સંસ્કાર વગરની સંપત્તિ અને કૌશલ્ય વગરનો કંથ જીવનને અંધકારમય બનાવતા વાર નહીં લગાડે અને તેણે આવા પતિથી છુટાછેડા લેવાનો નિર્ણય કર્યો. કયારેક એવું પણ બને છે કે સાસરે કાયમ તિરસ્કૃત થઈને રહેતી, અપમાન સહન કરીને રહેતી સ્ત્રીને કોઈનો સુંવાળો સ્પર્શ મળી જાય તો તે બગાવતનો ઝંડો ફરકાવે છે અને ત્યારે લોકોના ભવાં ખેંચાય છે. ચોતરફથી ટીકાઓનો મારો શરૂ થઈ જાય છે. આજની વહુઓને સુખ ભોગવતા આવડતું નથી. સૌને મોજ મજા કરવી છે પણ લોકોને કયાં ખબર હોય છે કે, થાગડ-થીગડ કરવાથી કપડાં ટકે, જીવતરને કંઈ થીંગડા થોડા મરાય? નફરતની આગ ગમે ત્યારે ચિનગારી બને અને ઘરને ભસ્મીભૂત કરી નાખે. આવા તૂટતા સંબંધોમાં મોટેભાગે લોકો સ્ત્રીઓ પર જ દોષારોપણ કરે છે. જે ઘરમાં વાતવરણ પ્રદૂષિત હોય ત્યાં દામ્પત્યજીવનની તંદુરસ્તી જોખમાય છે.

સમાજ ચિત્કરા કરે છે લગ્નજીવન તૂટી રહ્યા છે પણ તૂટતા જતા સંબંધોનીભીતરમાં ડોકિયું કરવાની કોઈને ફુરસદ નથી. સમાજના આગેવાનો મળે છે તો સંબંધો તોડવા માટે, સંબંધો તૂટતા બચાવવા કોઈ મથામણ કરતું નથી. સચ્ચાઈને જાણવાની કોને પરવા છે? કેટલાકને તો આ સંબંધોનો જલ્દી અંત આવે તેમાં દીલચશ્પી હોય છે જેમાં પોતાના કોઈ સંબંધીનું પાત્ર ઠેકાણે પાડવાની લાલસા હોય છે. એક જમાનો હતો કે છુટાછેડાથી પાક્ષો નિંદાપાત્ર બનતા. હવે આવા પાત્રો ગૌરવભેર બીજા લગ્નની તૈયારીમાં એ જ ક્ષણથી લાગી જાય છે. આવી બાબતો ફેસ કરવાની આવે ત્યારે ખૂબ મથામણ કરવી પડે છે. સામેના પાત્રને કેમ ગુનેગાર સાબિત કરી શકાય તેની મથામણ ચાલે છે. છુટાછેડા પછીનો સમય કયારેક કષ્ટદાયક અને કયારેક લાચાર બનાવી દે છે. એક યુવતિનું દામ્પત્યજીવન સુખી હતું પણ તેનાથી વધુ સુખ મેળવવાની લાલચમાં કોઈ લેભાગુ યુવકની માયાજાળમાં ફસાઈ પોતાના પતિ સાથે ડિવોર્સ લઈ લીધા. ત્યારબાદ એકાદ વર્ષ તે યુવાને મોજ મજા કરાવી યુવતિને તરછોડી દીધી. લગ્ન કરવાની વાત તો બાજુ પર જ રહી, તેની સાથે બોલવાનો વહેવાર પણ બંધ કરી દીધો. આ યુવતીને હવે પસ્તાવા સિવાય કોઈ આરો ન હતો. તેનું જીવન અંધકારમય બની ગયું છે. સંબંધ તોડવાનો નિર્ણય કયારેક આવેગમાં લેવાય છે માટે જ છેલ્લા કાયદા પ્રમાણે છુટાછેડા લેવા ઈચ્છતા બંને પાત્રોને છ મહિના વિચારવાનો સમય આપે છે ત્યારબાદ જ જજ પોતાનો નિર્ણય જાહેર કરે છે. સમાજમાં એવા પણ પ્રસંગો બને છે કે વડીલોએ છુટાછેડા માટે કોર્ટનો સહારો લીધો હોય અને પતિ-પત્નિ એક થઈ ભાગી ગયા હોય...

શાદી એવો સોનાનો સિક્કો છે જેની એક બાજુ આબાદી અને બીજી બાજુ બરબાદીની છાપ અંકિત થયેલી હોય છે. પોતાની અસફળતાનો સહજ સ્વીકાર એટલે દામ્પત્યજીવનમાં આબાદી અને પત્નિ સાથે પતિત્વ દાખવવાનો વિચાર એટલે શાદીમાં બરબાદી. પરસ્પર સમજદારી, વિશ્વાસ, એકબીજાનો આદર એ સંબંધ માટે ખાતરનું કામ કરે છે. અપરિપકવતા, અહંકાર, આત્મશ્લાઘાની ટેવ કે ઉતાવળિયાપણું દામ્પત્યજીવનમાં હુતાશની પ્રગટાવવા ઈંધણનું કામ કરે છે. જેની સાથે સગપણ તૂટે તેના ચારિત્ર્ય વિશે મનઘડંત આક્ષેપો કરવા અને આત્મસંતોષ મેળવવો એ અમાનવીય કૃત્ય છે, આવા પ્રસંગોએ એઠલું જ કબૂલ કરજો કે અમો તો દામ્પત્યજીવનને આબાદ કરવા પ્રયત્નશીલ હતા પણ નસીબ નડી ગયું અને એક નાનકડી ભૂલમાં અમારો માર્ગ ફંટાઈ ગયો. જયાં આગળ જવામાં બરબાદી હતી અને ત્યાંથી પાછા વળવાનો કોઈ માર્ગ ન હતો. અમારું છુટા પડવું દુર્ભાગ્યપૂર્ણ હતું. યાદ રાખો પ્રત્યેક શાદી જીવનને આબાદ કરવા રચાય છે પણ એક નાનકડી ભૂલ તેને બરબાદ કરી નાંખે છે.